GJSR
100003212024

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૩/૦૬/૨૦૨૪ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૧૩/૦૬/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૭/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન<br>૦૨ ૦૦ ૨૨ |

**ફોજદારી કેસ નં. :– ૨૫૧/૨૦૨૪**

**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ગુજરાત નશાબંધી અધિનીયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ) |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં. ૧૧૨૧૪૦૦૨૨૪૦૦૬૫/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | વિ.સ્પે.એ.પી.પી.શ્રી કે. કે. રોહીત. |
| આરોપી પક્ષ | દિનેશભાઈ ભવરલાલ ચૌધરી<br>રહે. રીસાણીયા ગામ, તા.મારવાડ ઝંકશન, જિ.પાલી(રાજસ્થાન)<br>(સદર કામે સી.આર.પી.સી.૨૯૯(૧) મુજબનો હુકમ કરેલ છે) |
| રજૂઆત | – |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૨/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૨/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૦૬/૨૦૨૪ |
| તહોમતનામા / પ્લીની તારીખ | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૪/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ––– |

## :: આરોપીની વિગત ::

| અનુ. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિનેશભાઈ ભવરલાલ ચૌધરી | ૧૫/ ૦૨/ ૨૦૨૪ | ૧૬/ ૦૫/ ૨૦૨૪ | ગુજરાત નશાબંધી અધિનીયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ) | નિર્દોષ | – | – |

**Cases are referred to :**

1. State of Gujarat V/s. Bhikhabhai Kalidas Patel. 1985 (2) G.L.R. 745.
2. State of Gujarat V/s. Raijibhai Chaturbhai Solanki. 1960 G.L.R. 77.
3. Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885.

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા.૧૫/૦૨/૨૦૨૪ ના કલાક:- ૧૪/૩૦ વાગ્યે મૌજે ચવડા ગામની સીમમાં સાગબારાથી ઉમરપાડા તરફ જતા રોડ ઉપર આવેલ ચવડા ચેક પોસ્ટ નજીક તા.ઉમરપાડા જી.સુરત મુકામે આ કામે પકડાયેલ આરોપી દિનેશ ભવરલાલ ચૌધરી ઉવ.૩૦ ધંધો ડ્રાઈવીંગ રહે.રીસાણીયા ગામ તા.મારવાડ ઝંકશન જી.પાલીરાજેસ્થાન મો.નં.૬૩૫૧૧૬૩૪૫૨ તથા ૯૫૦૯૮૩૫૨૫૩ નાએ વગર પાસ પરમીટે પોતાના કબ્જાની એક સફેદ કલરની મહેન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ નં. GJ-19-X-5989 માં વગર પાસ પરમીટે ભારતીય

બનાવટની ઇંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી કુલ્લે બાટલીઓ નંગ – ૨૫૪૪ કિ.રૂ.૫,૦૬,૪૦૦/– તથા રોકડા રૂ.૩૦૦/– તથા મોબાઇલ ફોન નંગ–૨ કિ.રૂા.૫,૦૦૦/– તથા બોલેરો પીકઅપ નં. GJ-19-X-5989 કિ.રૂ.૩,૦૦,૦૦૦/– મળી કુલ્લે રૂપિયા ૮,૧૧,૭૦૦/– નો મુદામાલ પોતાના કબ્જામાં રાખી વહન કરતા પકડાઇ જઇ તેમજ સદર પકડાયેલ વિદેશી દારૂનો જથ્થો ભરાવી મોકલનાર દેવકરણ ઉર્ફે દેવરાજ રહે. કીમ જેના પુરા નામ સરનામા જણાઇ આવેલ નથી જેનો મોબાઇલ નંબર ૮૩૨૦૦૮૪૯૯૩. તથા તેનો પાર્ટનર રાજુ સોહનલાલ શર્મા રહે. માંડવી તા.માંડવી જી.સુરત તથા સદર વિદેશીદારૂનો જથ્થો નંદુરબાર ખાતેથી ભરાવી આપનાર દેવકરણ ઉર્ફે દેવરાજનો માણસ નાથારામ રહે.ખારીયાન્યુવ તા.સોજતસીટી જી.પાલી તથા વિદેશી દારૂનો જથ્થો ભરેલ બોલેરો પીકઅપનું મોટર સાયકલ લઇને પાયલોટીંગ કરનાર નંદુ જેના પુરાનામ સરનામાની ખબર નથી તેઓએ એકબીજાની મદદગારી કરી નહી પકડાઇ જઇ કરી ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનીયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ ૨૦૧૭ ની કલમ– ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબનો ગુનો આચરેલ હોય ફરીયાદી નાઓની ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારી નાઓએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળેલ હોય ઉપરકોત ગુના અંગે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ થયા બાદ તેઓને આ કામે હાજર થવાનો સમન્સ કરતાં, સદર કામે આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી, આરોપીને કાઢવામાં આવેલ સમન્સ તથા વોરંટની બજવણી થઈ શકેલ ન હોય, ફરિયાદપક્ષ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ રહેલ છે તેમજ જામીનદારને પ્રોસેસની બજવણી કરતા તેઓ પણ હાજર થઈને જામીનગીરીની રકમ ભરીને છુટા થયેલ છે જે રકમ શ્રી સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરેલ. સદર કામે આરોપીની ગેરહાજરીના કારણસર સદર કામમાં ઘણો વિલંબ થયેલ હોય તેમજ સદર કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટના ટારગેટેડ કેસમા હોઈ, જેથી આંક–૦૧ હેઠળ હુકમ કરી આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવો ન્યાયિક જણાતાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ– ૨૯૯ અન્વયે આપવામાં આવેલ સત્તાની રૂએ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવા હુકમ કરવામાં આવેલ અને ત્યારબાદ પુરાવો નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૦૭ થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવાની જુબાની |
| ૦૨ | આંક–૦૯ થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ કોટવાડીયાની જુબાની |
| ૦૩ | આંક–૧૦ થી સાહેદ જગદીશભાઈ આંબાજીભાઈ ની જુબાની |
| ૦૪ | આંક–૧૦ થી તપાસ કરનાર અમલદાર અમૃતભાઈ જીવાભાઈ દેસાઈની જુબાની |
| ૦૫ | આંક–૧૩ થી તપાસ કરનાર અમલદાર  ભુપેન્દ્રસિંહ ભારતસિંહ વાઘેલાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૦૮ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૦૨ | આંક– ૧૨ થી અસલ ફરીયાદ |

**–:: બચાવ પક્ષ તરફે  પુરાવો ::–**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| –– | –– |

**–:: કોર્ટ તરફે પુરાવો ::–**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ.નં. | વિગત |
|---|---|
| ૦૧ | પ્રોહી. બોટલ નંગ–૨૫૪૪. |
| ૦૨ | એકબોલેરો પીક–અપ નં. GJ-19-X-5989 |

આ કામે ઉપરોકત પુરાવો રજૂ થયા બાદ સ્પે. એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે તેમનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયા બાદ, ક્રિમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવા જેટલો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ ન હોય, સદર આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને હાલનું કામ આખરી દલીલો સાંભળવા પર રાખવામાં આવેલ છે.

(૫) ઉપરોકત પુરાવાના અંતે ફરિયાદપક્ષે એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે એપીપીશ્રીની દલીલ સાંભળી.

(૬) સદર કામે બંન્ને પક્ષોની દલીલો, રજુ થયેલ પુરાવાને ધ્યાને લીધા બાદ આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**: : – મુદ્દાઓ – : :**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫/૦૨/૨૦૨૪ ના કલાક–૧૪/૩૦ વાગ્યે મૌજે ચવડા ગામની સીમમાં સાગબારાથી ઉમરપાડા તરફ જતા રોડ ઉપર આવેલ ચવડા ચેક પોસ્ટ નજીક તા.ઉમરપાડા જી.સુરત મુકામે આ કામના કોલમ નં.૧૧ માં જણાવેલ તપાસ દરમ્યાન પકડાયેલ મુદ્દામાલ મંગાવનાર આરોપી રાજેશકુમાર ઉર્ફે રાજુ સોહનલાલ શર્મા, ઉ.વ.૪૩, ધંધો.વેપાર, હાલ રહે, જે.પી.નગર સોસાયટી, રંજન હોસ્પિટલ પાછળ મકાનં–૨૮૩, તા.ઝંખવાવ, જી.સુરત, મૂળ રહે.કેરીયા ગામ, તા.માડલ, જી.ભીલવાડા તથા અન્ય પકડાયેલ આરોપી દિનેશ ભવરલાલ ચૌધરી ઉ.વ.૩૦ ધંધો ડ્રાઈવીંગ રહે, રીસાણીયા ગામ, તા.મારવાડ ઝંકશન, જી.પાલી (રાજસ્થાન) મો.નં.૬૩૫૧૧૬૩૪૫૨ તથા ૯૫૦૯૮૩૫૨૫૩

તથા દેવકરણ ઉર્ફે દેવરાજ તથા પ્રહલાદ મેવાડા ઉર્ફે કલાલ સહઆરોપીઓએ વગર પાસ પરમીટે એક સફેદ કલરની મહેન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ નં.GJ-19-X-5989 માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઇંગ્લીંશ દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી કુલ્લે બાટલીઓ નંગ-૨૫૪૪, કિંમત રૂ.૫,૦૬,૪૦૦/- તથા રોકડા રૂ.૩૦૦/- તથા મોબાઇલ ફોન નંગ - ૨ કિંમત.રૂ.૫,૦૦૦/- તથા બોલેરો પીકઅપ નં.GJ-19-X-5989 કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-મળી કુલ્લે રૂપિયા ૮,૧૧,૭૦૦/- નો મુદ્દામાલ મંગાવનાર રાજેશકુમાર ઉર્ફે રાજુ સોહનલાલ શર્મા નાનો તપાસ દરમ્યાન પકડાઇ જઇ તથા દિનેશ ભવરલાલ ચૌધરી નાનો પોતાના કબ્જામાં રાખી વહન કરતા પકડાઇ જઇ તેમજ સદર પકડાયેલ વિદેશી દારૂનો જથ્થો ભરાવી મોકલનાર દેવકરણ ઉર્ફે દેવરાજ રહે. કીમ જેના પુરા નામ સરનામા જણાઇ આવેલ નથી જેનો મોબાઇલ નંબર ૮૩૨૦૦૮૪૯૯૩. તથા તેનો પાર્ટનર રાજુ સોહનલાલ શર્મા રહે, માંડવી, તા.માંડવી જી.સુરત તથા સદર ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો નંદુરબાર ખાતેથી ભરાવી આપનાર દેવકરણ ઉર્ફે દેવરાજનો માણસ નાથારામ રહે, ખારીયાન્યુવ, તા.સોજતસીટી, જી.પાલી જેનો મો.નં.૮૨૩૯૧૩૧૮૬૩ નો છે તથા વિદેશી દારૂનો જથ્થો ભરેલ બોલેરો પીકઅપનું મોટર સાયકલ લઇને પાયલોટીંગ કરનાર નંદુ જેના પુરાનામ સરનામાની ખબર નથી જેનો મોબાઇલ નંબર ૮૭૬૯૪૨૪૭૪૭ નો છે તથા અન્ય મુદ્દામાલ મંગાવનાર આરોપી પ્રહલાદ મેવાડા ઉર્ફે કલાલ રહે, માખણા ગામ, તા.પલસાણા, જી.સુરત નાઓએ એકબીજાની મદદગારી કરી નહીં પકડાઇ જઇ ગુન્હો કરી ધી ગુજરાત પ્રોહી. એક્ટની કલમ-૬૫(ઈ), ૮૧, ૯૮(૨),૧૧૬( ખ ) મુજબનો ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

(૮) **મુદ્દા નં. ૧ :-**

ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલા છે.

(૮/૧) ફરિયાદપક્ષે આંક–૦૭ થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવાનાઓને તથા આંક– ૦૯ થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ કોટવાળિયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૦૮ થી પોલીસે પંચમાં રહેવા માટે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર પંચનામાં સહી કરાવેલ. પ્રોહી. મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૮/૨) ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ જગદિશભાઇ આંબાજીભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, અમો ગઇ તા. ૧૫/૨/૨૦૨૪ ના રોજ અમો તથા પી.એસ.આઇ. એમ.આર.સકોરીયા તથા અ.હે.કો રાજદિપભાઈ મનુસખભાઈ તથા અ.પો.કો. અલ્તાફભાઈ ગફુરભાઈ ખાનગી વાહનમાં બેસી ઉમરપાડા પો.સ્ટે. વીસ્તારમા પ્રોહી પેટ્રોલીંગમા હતા તે વખતે ઉમરપાડા બજાર પાસે આવતા અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે સાગબારા તરફથી એક સફેદ કલરની ટાટા યોધ્ધ કે જેનો રજી નં. જીજે–૧૯–એક્સ–૫૯૮૯ ઘાસ ચારની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ઉમરપાડા તરફ આવનાર છે. જે બાતમી હકીકત થી સાથેના માણસોને વાકેફ કરી નજીક માંથી બે પંચોના માણસોને બોલાવી તેને સદર બાતમી થી વાકેફ કરી ખાનગી વાહનમાં ચવડા ચેક પોસ્ટ ખાતે આવી નાકા બંધી કરતા સાગબાર તરફથી સદર બાતમી વાળુ પીક અપ દેખાતા લાકડીના ઇશારા વડે પીક અપ ઉભુ રાખતા ડ્રાઈવર સીટ પર બેસેલ માણસને નીચે ઉતારી પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનું નામ દિનેશ ભવરલાલ ચૌધરી રહે. રિશાણીયા ગામ, તા. મારવાડ, જિ. પાલી, રાજસ્થાનના હોવાનું જણાવેલ. પીક અપમાં પંચો રૂબરૂ ચેક કરતા ઘાસ ચારની નીચે પ્રોહી. મુદ્દામાલ જણાય આવતા સદર પ્રોહી. મુદ્દામાલની ગણતરી માટે ઉમરપાડા પો. સ્ટે. લઈ આવેલ. પ્રોહી. મુદ્દામાલ નાની મોટી વિદેશી દારૂની બોટલ નંગ–૨૫૪૪ જેની કિંમત રૂા.૫,૦૬,૪૦૦/– તથા સદર ગુનામાં પકડાયેલ યોધ્ધા પીક અપ તથા આરોપીની અંગ જડતી માંથી મળેલ રોકડ રૂપિયા તથા મોબાઇલ ફોન નંગ–૧ જેની કુલે કિંમત રૂા.૮,૧૧,૭૦૦/– ગણી લઈ સદર મુદ્દામાલ વિગતવારનું પંચનામુ કરી બે પંચોની પી.એસ.આઇ.શ્રી એમ. આર. સકરીયાનાઓએ કબજે કરેલ. સદર ગુનાના વોન્ટેડ આરોપી માલ મોકલનાર રાજુ સોહનલાલ શર્મા તથા માલ ભરાવી આપનાર દેવકરણ ઉર્ફે દેવરાજનો માણસ તથા અન્ય બે ઈસમ, સદર ગુના અંગની ફરીયાદ અમો સાથેના

અ.પો.કો. અલ્તાફભાઈનાઓએ ઉમરપાડા પો.સ્ટે. આપેલી. તપાસ કરનાર અમલદારે સદર ગુનાના કામે અમારૂ નિવેદન લીધેલું.

(૮/૩) ફરીયાદપક્ષે આંક–૧૧ થી તપાસ કરનાર અમલદાર અમૃતભાઈ જીવાભાઈ દેસાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં હું પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ તરીકે ફરજ બજાવું છું. ગઈ તારીખ ૧૫/૦૨/૨૦૨૪નાં રોજ અમો ઝંખવાવ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં તે દરમ્યાન ઉમરપાડા પોલીસ સ્ટેશનના ગુ. ર. નંબર ૦૬૫/૨૦૨૪ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ) વિગેરે મુજબના ગુનાના કામની ફરીયાદ નોંધાવ્યા બાદ વધુ તપાસ એલ.સી.બી. ગ્રામ્યનાઓ દ્વારા અમોને સોંપતા સદર તપાસ અમોએ સંભાળી લઈ, સાધનીક કાગળો વંચાણે લીધેલ. ત્યારબાદ લાગતા વાળગતા સાહેદોના નીવેદનો નોંધેલાં. ગુનાના કામે દીનેશ ભંવરલાલ ચૌધરીનાઓને એલ.સી.બી. ગ્રામ્ય પોલીસ સ્ટેશનનાઓને અટક કરી અમોને સોંપતા અમોએ આરોપીનો કબજો સંભાળી લીધેલ. ત્યારબાદ અમોએ સદર આરોપીની રીમાન્ડ અંગેની કાર્યવાહી કરેલી. મને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે, જેમાં ફરીયાદી તરીકે અલતાફભાઈ ગફુરભાઈનાઓની સહી છે, જેઓ અમારી સાથે પોલીસ ખાતામાં નોકરી કરતાં હોય તેઓની સહીથી હું વાકેફ છુ, જેથી ઓળખી બતાવું. સદર ઝેરોક્ષ ફરીયાદને પુરાવામાં રજૂ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે. ત્યારબાદ અમારી બદલી કામરેજ પોલીસ સ્ટેશન મુકામે થતાં આગળની તપાસ થાણા ઈનચાર્જ પો.સ.ઈ. બી. બી. વાઘેલા સાહેબશ્રીનાઓને સોંપલી.

(૮/૪) ફરિયાદપક્ષે આંક– ૧૩ થી તપાસ કરનાર અમલદાર ભુપેન્દ્રસિંહ ભારતસિંહ વાઘેલા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં હું કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવું છું. ગઈ તારીખ ૧૬/૦૨/૨૦૨૪ના રોજ અમો ઝંખવાવ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે હાજર થતા સદર ઉમરપાડા પોલીસ સ્ટેશનના ગુ. ર. નંબર ૦૬૫/૨૦૨૪ પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઈ) વિગેરે મુજબના ગુનાના કામની ફરીયાદની તપાસ અમોને પી.એસ.આઈ એ. જે. દેસાઈશ્રીની બદલી થતાં સદર તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઈ અમોએ દેસાઈ સાહેબશ્રીએ કરેલ રીમાન્ડ અન્વયે રીમાન્ડ પૂર્ણ થતાં આગળની કાર્યવાહી કરેલી. ત્યારબાદ સદર ગુનાના કામે વોન્ટેડ આરોપીનાઓની શોધખોળ અંગેની તજવીજ હાથ ધરેલી. ત્યારબાદ હાલના ગુનાના કામના આરોપી દીનેશભાઇ ભંવરલાલ ચૌધરીનાઓ વિરુદ્ધમાં પુરતાં પુરાવા પડતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલી.

<u>પુરાવાનું મૂલ્યાંકન :–</u>

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૦) સદરહુ કામે આરોપીની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષની હકિકત મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહિ.એકટ અન્વયેનો ગુનો આચર્યાનો આક્ષેપ છે. તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબીત કરવા તથા રીકવરી સાબીત કરવા પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખૂબ જરૂરી બની રહે છે. સદરહુ કામની એફ.આઈ.આર.ની હકિકત ધ્યાને લેતાં, આ કામના ફરિયાદી તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચો સાથે પ્રોહી અંગેની રેડમાં નિકળેલ, તે દરમિયાન પંચો રૂબરૂ  પ્રોહી. મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ઉપરોકત એફ.આઈ.આર.માં જણાવેલ હકિકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ઘ્વારા જે કામગીરી કરવામાં આવેલ તે પંચોની હાજરીમાં કરવામાં આવેલાનું ફલીત થાય છે, પરંતુ પંચોની જુબાની ધ્યાને લેતાં, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહિ કરાવેલ હોવાની તથા તેઓને કોઈ રેઈડમાં લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ પ્રતિબંધીત મુદ્દામાલ કબજે કરેલ હોવાનું બનેલ નહિં હોવાનું જણાવી પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ,  પંચો પંચનામામાં સહિ કર્યા સિવાયની કોઈ હકિકતને સમર્થન કરેલ નથી તથા એ.પી.પી.શ્રી ઘ્વારા પંચનામાના અનુસંધાને પુછવામાં આવેલ લીડીંગ પ્રશ્નોના જવાબ પણ નકરામાં આપેલ છે. આમ, મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું પંચોના પુરાવાથી પુરવાર થયેલ નથી.

(૧૧) હાલના કામે ફરિયાદપક્ષ તરફે જે પુરાવા રેકર્ડ પર આવેલ છે તેને ધ્યાને લેતા આંક–૧૦ થી સાહેદ જગદિશભાઈ આંબાજીભાઈ નાઓએ તેઓની સરતપાસમાં જણાવેલ

છે કે, તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ બાતમી આધારે અન્ય પોલીસ સ્ટાફ તથા પંચો સાથે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા ભારતીય બનાવટનો વિદેશીદારૂ ૨૫૪૪ બોટલ, કિંમત રૂા.૫,૦૬,૪૦૦ /– ના મુદ્દામાલ મળી આવેલ. હાલના કામે ફરિયાદપક્ષે આંક–૧૧ થી તપાસ કરનાર અમલદાર અમૃતભાઈ જીવાભાઈ દેસાઈ તથા આંક–૧૩ થી તપાસ કરનાર અમલદાર ભુપેન્દ્રભાઈ ભારતસિંહ વાઘેલાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા સદર ગુનાની તપાસ સંભાળી લીધેલ અને સાહેદોના નિવેદનો નોંધેલ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. આમ, ઉપરોકત હકીકતે ફરિયાદી તથા સાહેદો રેડ દરમિયાન હાજર હતા અને હાલના આરોપી રેડ દરમિયાન આરોપી સ્થળ પરથી મળી આવેલ હોય આમ, હાલના આરોપીને પ્રોહી. મુદ્દામાલ સાથે અટક કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર જણાઈ આવેલ છે . વધુમાં ફરિયાદપક્ષે આંક– ૦૭ થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવા તથા આંક– ૦૯ થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ કોટવાડિયા નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય. તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. વધુમાં પ્રોહી. મુદ્દામાલ સંબંધે કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં સદર સાહેદો પોલીસ સાહેદો છે, જેઓના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે, પરંતુ ફરિયાદપક્ષે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોને હાલના કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં હાલના કામના તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાના કામે મળી આવેલ પ્રોહી. મુદ્દામાલનો એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ રાખેલ નથી. વધુમાં મળી આવેલ પ્રોહી. મુદ્દામાલ કંપનીનું અસ્તિત્વ અંગે તપાસ કરેલ નથી. તે સંજોગોમાં ફરીયાદી તથા સાહેદો રેઈડ સમયે બનાવ સ્થળે હાજર હોય તેઓ રસ ધરાવનાર સાહેદ છે. ફરીયાદપક્ષના કેસને પંચોએ સમર્થન કરેલ ન હોય, ફરિયાદ મુજબનો મુદ્દામાલ દારૂ આરોપીનો હોય / આરોપીએ મોકલેલ હોય તે હકીકત સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સાબીત થતી નથી.

(૧૨) હાલના કામે પકડાયેલ મુદ્દામાલ વિદેશીદારૂ સંબંધી બોટલ જે બ્રાંન્ડની છે તેના માલીકનું કોઈ નિવેદન રજુ કરવામાં આવેલ નથી કે તેવા કોઈ માલીકને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. જેથી પ્રોહિ. એકટની કલમ ૧૧૬(બી) મુજબ

પકડાયેલ મુદ્દામાલ ફરીયાદમાં જણાવેલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતું તે હકિકત ફરીયાદપક્ષે સાબીત થયેલ નથી.

**આ તબકકે પ્રોહિબીશન એકટની કલમ ૧૧૬ (બી) ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,**

કલમ ૧૧૬ (બી) : દારૂની જાણીતી જાત માટે પૃથ્થકરણની જરૂરીયાત નથી. : આ અધિનિયમ નીચે ગેરકાયદે દારૂના કબજાના કે તેની કાર્યવાહી દરમ્યાન એવું પુરવાર થાય કે, આરોપીઓના કબજામાં જાણીતી જાતના સ્પીરીટ દારૂનું નામ દર્શાવતું લેબલ ધરાવતી બંધ કરેલ શીશી તેના ઉત્પાદકનું નામ દર્શાવતી બોટલ હતી, જેમ કે વ્હીસ્કી, બ્રાંન્ડી, રમ, જીન, કબ્બ કપ, દારૂ, મીલ્ક પંચ અથવા જેવા કે શેમ્પેન, મોસેલે, વગેરેની ચીઆન્ટી, સફેદ વાઈન્સ, કલેટેરલ, હોકસ, ટેઈકલીંગ, મેકેરીયા, જીંજરવાઈન, પાર્ટટાઈપ, પાર્ટ વર્માથ, શેટી, વાઈનક્રેઈન્સ, વાઈબ્બોન, માનોલા, વીકફાસ્ટ, ટોનીકલાઈન અથવા આથો ચડાવેલ દારૂ, વેવા કે સાલેબીયર મીલ્ક સ્ટોર, પ્રોર્ટર, સીડાર તો આરોપી દારૂનો કબજો ધરાવતો હતો તેવું માની લેવામાં આવશે.

(૧૩) અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તમામ રેઈડ સમયે હાજર હતાં અને સાહેદોએ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે તેમજ આરોપી તર્ફે કોઈ તટસ્થ બચાવ હાલના કામે કોઈ પણ સાહેદના પુરાવા લાવેલ નથી. પરતું પ્રોહિ.એકટની આદેશાત્મક જોગવાઈને નજર સમક્ષ રાખવામાં આવે તો હાલના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. સર્ટી રજૂ થયેલ નથી તેમજ ઘણા અગત્યના એવા પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. સદર કેસ લગત રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપી જ હાલના ગુનાના કામે સંકળાયેલ છે તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં તેઓનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણતો નથી. **નામ. ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.રઈજીભાઈ ચતુરભાઈ (૧૯૬૦ જી.એલ.આર. પાના નં.૭૭)** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરીયાદપક્ષને જો સમર્થન આપતા ના હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ

પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહિં.

(૧૪) હાલના ગુનાના કામે પોલીસ ધ્વારા કાર્યવાહી થયેલ છે, તે પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885</u>**; ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "If everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution."

(૧૫) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનાં ચુકાદોઓ ધ્યાને લેવાં જરૂરી છે. **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ગુજરાત રાજ્ય વિરુદ્ધ ભીખાભાઈ કાળીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર પાન નં.૭૭૫</u>** ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિદધાંતો ધ્યાને લેતાં જયારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહી. આ ઉપરાંત નામદાર ગુજરાત વડિ અદાલતનો State of Gujarat v/s Raijibhai Chaturbhai Solanki - reported in 1960 GLR 77 ના ચુકાદામાં ઠરાવેલ છે કે – "Criminal Procedure Code - (Act no.V of 1989) Section 103 ("Search obligatory in presence of panchas - Evidence of police officer must be corroborated panchnama cannot be used for corroboration) The real principle is that where the presence of the panchas is obligatory at the time of search the Evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on the uncorroborated testimony of the police officer who conduct the search. The real question is whether there is corroboration or not. The absence of corroboration may be due to two factors the failure of the police to keep panchas or the fact that panchas do not support the prosecution. Whatever be the reason if there is no corroboration then ordinarily conviction should not rest on the uncorroborated testimony of the police officer conducting the search in such cases." ઉપરોકત મુજબના નામદાર વડિ અદાલતના ચુકાદાઓમાં

પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને હાલના કામની રેકર્ડ આધારીત હકિકતો અને રજુ થયેલ પુરાવા સાથે સરખાવતાં આ કામે પણ પોલીસે પંચ સાહેદોની હાજરીમાં કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. જેથી તે સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પર થી પુરવાર થતું નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા સતિષ મહેરા વિરુદધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ (સુ.કો) પાન નં.૮૫** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદધાંત દયાને લેતાં જયારે રજુ થયેલ પુરાવા ઉપર થી કેસનો અંત સજામાં પરિણમશે નહી તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્ર કીયા પુરી કરવામાં વેડફવો જોઈએ નહી. તેવા સંજોગોમાં સદરહુ કામમાં સબસ્ટેન્સીચલ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૧૬) હાલના કામે આરોપી નાસતા ફરતા હોય અને મળી આવેલ ન હોય આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે તેઓની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપીની ગેરહાજરીમાં એટલે આરોપી તર્ફે કોઈ બચાવ રજૂ થયા સિવાય હાલના કામે ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આરોપીની ગેરહાજરીમાં લેવામાં આવેલ પુરાવામાં જો આરોપીની વિરુધ્ધ અથવા તો આરોપીને ગુનાના કામે સાંકળતી હકીકત રેકર્ડ પર આવે તો તેનો આરોપીની વિરુધ્ધમાં ઉપયોગ થઈ શકે યાને સદર પુરાવા આધારે આરોપી વિરુધ્ધના હુકમ થઈ શકે પરંતુ, હાલના કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવામાં જ આરોપીની સંડોવણી બાબતે શંકા ઉભી થાય છે અને આરોપીની ગુનાના કામે સંડોવણી બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર આવેલ નથી. અત્રે ઉલ્લેખનિય છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ સરકુલર નં.સી.૨૬૧૮/૨૦૧૬ થી નાસતા ફરતાં આરોપીના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૩(૬) અન્વયે હુકમ કરવા જણાવવામાં આવેલ છે.

(૧૭) હાલના આ કેસની રેકર્ડ આધારીત હકિકતો અનુસાર હાલના આ કામે પંચસાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પોલીસ સાહેદની જુબાનીને લેશમાત્ર સમર્થન મળતું નથી. પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા રજુ

થઈ સમર્થન આવેલ નથી. મુદ્દામાલ આરોપીના માલીકી કબજામાં મળી આવેલાની હકિકત તથા આ કહેવાતો મુદ્દામાલ વિદેશીદારૂ હોવાની હકિકત પણ પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ રજૂ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન મળતુ ના હોય, દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય અને આરોપી સામેનો ગુનો પુરવાર થતો ના હોય, હાલના કામે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદા નં.૦૧ નો જવાબ ''નકારમાં''** આપી **મુદા નં.૦૨** બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**– : આખરી હુકમ : –**

(૧) આ કામના આરોપી – દિનેશભાઈ ભવરલાલ ચૌધરી, રહે. રીસાણીયા ગામ, તા.મારવાડ ઝંકશન, જિ.પાલી(રાજસ્થાન) નાઓને ગુજરાત નશાબંધી અધિનીયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ની કલમ–૨૪૮(૧) સાથે વાંચતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમની કલમ ૩૫૩(૬) મુજબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ વાહન અને મોબાઈલ અન્વયે વચગાળાની કસ્ટડી તરીકેનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવા અન્યથા સદર મુદામાલ વાહન અને મોબાઈલની માલિકીની ખરાઈ કરી માલિકને કાયદા અનુસાર પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય બાદ કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪ થી માહે જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૪/ ૦૭/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )